જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૦૭/૨૦૧૮ સોમવાર**

## વધારાના પોલીસ સમાચાર

અખબારી યાદી તા. ૦૨ જુલાઇ-૨૦૧૮

### સેટેલાઈટ વિસ્તારની ગેંગરેપની તપાસ
### અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીની સીધી દેખરેખ હેઠળ કરાશે

.. .. .. .. .. .. ..

### ક્રાઈમ બ્રાન્ચના એડીશનલ સી.પી. શ્રી જે.કે.ભટ્ટની
### તપાસમાંથી સ્વૈચ્છિક દૂર થવાની વિનંતી ગ્રાહ્ય રખાઈ

.. .. .. .. .. .. ..

અમદાવાદ શહેરની સેટેલાઈટ વિસ્તારની યુવતી પર થયેલ ગેંગરેપની તપાસ અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી અનુપકુમાર સિંઘની સીધી દેખરેખ હેઠળ કરાશે.

અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી સિંઘે આ અંગે માહિતી આપતા કહ્યું કે, સેટેલાઈટ ગેંગરેપની ઘટનાની ફરિયાદની ગંભીરતા સમજીને આ તપાસ સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચની વિશેષ ટીમને સોંપવામાં આવી હતી. જેમાં ક્રાઈમ બ્રાન્ચના એડીશનલ કમિશ્નર ઓફ પોલીસ શ્રી જે.કે.ભટ્ટ, એડિશનલ ડી.સી.પી., શ્રી પન્ના મોમાયા અને ડી.સી.પી. શ્રી દિપન ભદ્રનની ટીમ દ્વારા તપાસ ચલાવાઈ રહી છે જેમાં સાયબર સેલનો સહયોગ લેવાઈ રહ્યો છે અને તપાસ યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

પીડિતા દ્વારા ક્રાઈમ બ્રાન્ચના એડીશનલ સી.પી. શ્રી જે.કે.ભટ્ટ પર મીડિયા સામે આવીને જે આક્ષેપો કરાયા છે તે સંદર્ભે શ્રી ભટ્ટ દ્વારા કેસની નિષ્પક્ષ અને ન્યાયિક તપાસ થાય તે માટે સ્વૈચ્છિક મુક્ત થવા વિનંતી કરાઈ છે. તે વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવી છે.

શ્રી એ. કે. સિંઘે જણાવ્યું કે હવેથી આ તપાસ તેમની સીધી નિગરાની હેઠળ આ ખાસ ટીમ દ્વારા કરાશે. પીડિતાને તપાસ દરમિયાન કોઈ અગવડ ન પડે તે માટે અમદાવાદના મહિલા ડી.સી.પી. કુમારી શ્વેતા શ્રીમાળીને પણ તપાસ ટીમમાં જોડવામાં આવ્યા છે.

તપાસની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે અને ઝડપથી પૂર્ણ કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.